# સંશોધન નિયામકશ્રીની કચેરી

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

**આણંદ - ૩૮૮ ૧૧૦**

ડૉ. કે.બી.કથીરીયા
સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધ્ધાશાખાધ્યક્ષ

ફોન નંબર: ૦૨૬૯૨ - ૨૬૩૬૦૦
ઇ-મેઇલ : **dr@aau.in**


વંચાણે : ૧) આસી.રજીસ્ટ્રારના પત્ર No. AAU/Reg./ Adm-1-3/10762/08, dated: 10.12.2008

૨) માનનીય કુલપતિશ્રીએ તા. ૧૩.૦૮.૨૦૧૩ની મંજૂર કરેલ નોંધ અન્વયે

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે આઇસીએઆરની ગાઇડલાઇન મુજબ આઇસીએઆરના પ્રોજેકટમાં રીસર્ચ એસોસીએટ / સીનીયર રીસર્ચ ફેલોને નિમંણૂક આપ્યા પછી તે આગળ અભ્યાસ (Ph.D.) ચાલુ રાખી શકે નહી અથવા તો અભ્યાસ ચાલુ હોય તો રીસર્ચ એસોસીએટ / સીનીયર રીસર્ચ ફેલો તરીકે નિમંણૂક આપી શકાય નહી.

પ્લાન, નોન-પ્લાન અને અધર એજન્સી યોજનામાં રીસર્ચ એસોસીએટ તરીકે નિમંણૂક આપવા માટે જેને Ph.D. પૂર્ણ કરેલ હોય અથવા M.Sc. સાથે બે વર્ષનો અનુભવ ધરાવતા હોય તેને જ રીસર્ચ એસોસીએટ તરીકે નિમંણૂક આપી શકાય.

વધુમાં જણાવવાનું કે જો પ્લાન, નોન-પ્લાન અને અધર એજન્સી યોજનામાં નિમંણૂક થયેલ રીસર્ચ એસોસીએટ Ph.D.નો અભ્યાસ ચાલુ કરે / અભ્યાસ ચાલુ હોય તો રીસર્ચ એસોસીએટની જગ્યા ઉપર સીનીયર રીસર્ચ ફેલોને મળવાપાત્ર ફેલોશીપ આપી જે-તે જગ્યા પર નિમંણૂક આપવાની રહેશે. આ સંજોગોમાં Ph.D.નો અભ્યાસ ચાલુ કરેલ હોય તેવા રીસર્ચ એસોસીએટને એડમીશન મળ્યાની તારીખથી સીનીયર રીસર્ચ ફેલોના દરથી ફેલોશીપ આપવાની રહેશે. તે માટે જે-તે રીસર્ચ એસોસીએટની વિગતો સાથેની દરખાસ્ત અત્રે મોકલી આપવી જેથી તે પ્રમાણેના હુકમો અત્રેથી જારી કરી શકાય. જો આ બાબત રીસર્ચ એસોસીએટને સ્વીકાર્ય ન હોય તો તેમને એડમીશનની તારીખથી છૂટા કરવાના રહેશે.

સદર બાબતે અત્રેની કચેરીની નોંધ ઉપર માનનીય કુલપતિશ્રીએ મંજૂરી આપેલ છે.

જા.નં. આકૃયુ / સંશો / ટી-3 / ૪૮૨૯ /૨૦૧૩
તા. : ૦૨. ૦૯.૨૦૧૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ રવાના:

૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી તરફ જાણ તેમજ અમલ કરવા સારૂ.

૨) નિયામકશ્રી ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આકૃયુ, આણંદ તરફ વેબસાઈટ પર મૂકવા સારુ.